# કેમ મારા સગાને મળવા દીધા નહી, તેમ કહીને પીએસઆઈને માર માર્યો

## જાપ્તાવાનમાં આરોપીઓએ પોલીસ પર હુમલો કર્યો, સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના ઘ- ૩ થી ઘ-૨ ની વચ્ચે પસાર થઈ રહેલી પોલીસની જાપ્તાવાનમાં મારામારીના દૃશ્યો સર્જાયા હતા. જાપ્તાવાનમાં રહેલા ત્રણ કેદીઓએ કેમ મારા સગાને મળવા દીધા નહી, તેમ કહીને પીએસઆઈને ઢોરમાર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પોલીસ જાપ્તાવાનમાંથી કેદીઓ ભાગી જવાના કિસ્સા પણ બને છે. ત્યારે શહેરના મુખ્યમાર્ગ વચાળે ચાલુ ગાડીમાં કેદીઓએ પોલીસ પર હુમલો કરતા ફિલ્મી દૃશ્યો સર્જાયા હતા. જયારે બનાવને પગલે સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે પીએસઆઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ રવિરાજસિંહ ભરતસિંહ પરમાર ઉં.વ.૨૬ સે-૨૧ પોલીસ મથકે પ્રોબેશનર પીએસઆઈ તરીકે બે માસથી ફરજ બજાવે છે અને સે-૨૧ પોલીસ લાઈન ખાતે રહે છે. ફરીયાદી રવિરાજસિંહના જણાવ્યા મુજબ ગતરોજ તેમની ફરજ હેડ કવાર્ટર ગાંધીનગરથી કેદી પાર્ટી જાપ્તામાં હતી તે દરમિયાન અન્ય પોલીસ કર્મચારીઓ પણ સાથે હતા. હેડ કવાર્ટરથી જી.જે.૧૮.જી.-૩૧૦૩ સરકારી ગાડી લઈને અમદાવા સેન્ટ્રલ જેલ પહોંચી ત્યાંથી કેદી જાપ્તો મેળવેલ જેમાં ૧૦ આરોપીઓ હતા. તેઓને લઈ ૧૧ કલાકે ગાંધીનગર કોર્ટ ખાતે પહોંચી ગયા અને ત્યારબાદ કોર્ટમાં રજુ કર્યા હતા. ત્યારબાદ તેઓને પરત લઈ જવા માટે બસમાં કોર્ટ કમ્પાઉન્ડની બહાર બેસાડ્યા હતા. તે સમયે આરોપીઓના સગાઓ મળવા માટે આવે છે અને જમવાનું તેમજ પાણીની બોટલ આપતા હોય છે. જેથી ફરિયાદીએ આરોપીઓને મળવા દીધા ન હતા. અને પરત આરોપીઓને લઈને સેન્ટ્રલ જેલ લઈને રવાના થયા હતા. તે સમયે આરોપી સંજય કનુ પરમાર ઉભો થઈ ગયો હતો અને ફરીયાદીને ગાળો બોલીને અમારા સંબંધીઓને કેમ મળવા દીધા નહી, જેથી રવિરાજ સિંહ જણાવ્યું કે કેદી પાર્ટી દરમિયાન કોર્ટની પરમિશન સિવાય મળવા દેવામાં આવતા નથી. તેમ કહેતા જ સાથે રહેલા અન્ય કેતન ઉર્ફે કિશન જયંતિભાઈ બારોટ તેમજ સહદેવસિંહ લાયકસિંહ તોમર ઉશ્કેરાઈ જઈ સીટ ઉપરથી ઉઠીને પીએસઆઈને લાત મારી મારવા લાગ્યા હતા. તો સમયે અન્ય કર્મચારીઓએ વચ્ચે પડીને છોડાવ્યા હતા. તે સમયે આરોપી સંજય પરમારે પોતાનું માથુ બસના કાચ સાથે અથડાવ્યું હતું.જેથી તેને કપાળના ભાગે ઈજા પહોંચી હતી. શહેરના માર્ગ પર પોલીસ અને આરોપીઓ વચ્ચે પોલીસની બસમાં ફિલ્મી સ્ટાઈલથી મારામારીના દૃશ્યો સર્જાતા પોલીસ બેડામાં પણ હડકંપ મચી ગયો છે. બનાવ અંગે પીએસઆઈ રવિરાજસિંહ સેકટર-૭ પોલીસ મથકમાં સરકારી કામમાં રૂકાવટ અને સરકારી અમલદાર ઉપર હુમલાની ફરીયાદ નોંધાવતા પોલીસો ત્રણ કેદીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પદગ્રહણ કર્યા બાદ સૌ પ્રથમ ગાંધી આશ્રમની મુલાકાત લેતાં રાજ્યપાલશ્રી



ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના રાજયપાલ પદે શપથ લીધા બાદ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમના કાર્યભારની શરૂઆત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની કર્મભૂમિ એવા ગાંધી આશ્રમની મુલાકાતથી કરી હતી.

રાજયપાલશ્રીએ ગાંધીઆશ્રમ ખાતે પૂ. બાપૂની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી અને ગાંધીજીને પ્રિય એવો રેટીંયો કાંતીને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. તેમણે આશ્રમ ખાતે આશ્રમ ભજનાવલીનું ઝીણવટપૂર્વક નીરિક્ષણ કર્યું હતું. તેમણે આશ્રમમાં ગાંધીજી દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલ ચીજવસ્તુઓ પણ રસપૂર્વક નિહાળી હતી.

શ્રીઆચાર્યજીએ કહ્યું કે, ગાંધીજીએ સત્ય, અહિંસા અને અપરિગ્રહના જે પદચિહ્ન અંકિત કર્યા છે તેનું અનુસરણ કરવું તે આજની નિતાંત આવશ્યકતા છે. ભારતીય સંસ્કૃતિના આ મૂલ્યો આજે એટલા જ શાશ્વત છે.

રાજયપાલશ્રી તરીકેની પોતાની પ્રાથમિકતા વિશે વાત કરતાં તેમણે કહ્યુ કે, પોતે પ્રકૃતિનું સંરક્ષણ, જળસંચય સાથે બેટી બચાવો-બેટી વધાવો જેવા અભિયાનો પણ રાજ્યના દરેક જિલ્લામાં પહોંચે અને રાજ્યમાં સમરસતા તથા ભાઈચારો વધે તેવા પ્રયત્નો કરીશ.

આ સિવાય ખેડૂત સમૃધ્ધ થાય, લોકોને સારું સ્વાસ્થ્ય મળે, ગાયનું સંરક્ષણ થાય તેવા પ્રયત્નો થાય તે માટેની પ્રતિબધ્ધતા તેમણે વ્યક્ત કરી હતી.

રાજયપાલશ્રીએ મીડિયા સાથેની વાતચીતમાં ચંદ્રયાનની સફળતા માટેની વાંચ્છના કરી આધુનિક ભારતના નિર્માણ માટે આ એક ઐતિહાસિક કદમ બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રાજયપાલશ્રી ગાંધી આશ્રમ ખાતે આવી પહોંચતાં આશ્રમ ટ્રસ્ટના કાર્તિકેય સારાભાઈ, અમૃતભાઈ મોદી, જયેશભાઈ પટેલ, કલેક્ટર ડૉ.વિક્રાંત પાંડેએ સૂતરની આંટી પહેરાવી સ્વાગત કર્યુ હતું. તેમની આ મુલાકાતમાં તેમના લેડી ગવર્નર પણ જોડાયા હતાં.

# નાયબ કાર્યપાલક ઈજનેર મંડળની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત રાજયના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર મંડળની સામાન્ય સભા અને અધિવેશન ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં ૨૫૦ જેટલા ઈજનેરોએ ભાગ લીધો હતો.

મંડળના મહામંત્રી વિષ્ણુભાઈ જે. પટેલ દ્વારા મંડળની પ્રવૃત્તિઓ અને ગત બે જુની કારોબારીમાંથી નિવૃત્ત થયેલ સભ્યોનું શાલ ઓઢાડી અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. મંડળના ખજાનચી એચ.વી. અસનાની દ્વારા ગત બે વર્ષના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા.

આગામી બે વર્ષ માટે મંડળની નવી કારોબારીની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે કામેશ બી. મહેતા, મહામંત્રી તરીકે મહાવીરસિંહ ચુડાસમા, ખજાનચી તરીકે જે.જે. સોલંકી,




વર્ષ દરમિયાન મંડળના પ્રશ્નો બાબતે સરકારશ્રીમાં કરેલી વિવિધ રજુઆતોની છણાવટ કરવામાં આવી હતી. પ્રમુખ એચ.કે. સુથાર દ્વારા બઢતી અને સિનિયોરીટી લિસ્ટ અંગે થયેલ કામગીરી તથા તે અંગેની અડચણોની માહિતી આપવામાં આવી હતી. એચ.સી. રાઓલ તથા વાય.એસ. પટેલ દ્વારા પ્રસંગોચિત પ્રવચન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ વી.પી. કાપડીયા તથા એસ.કે. પટેલ દ્વારા ઈજનેરોની એકતા વધારવા તથા ઈજનેરોના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપપ્રમુખ તરીકે વાય.એસ. પટેલ અને ખંજન આહીર, સંગઠનમંત્રી તરીકે દક્ષેશ શાહ અને કમલેશ મોદી, સહમંત્રી તરીકે નીલય શાહ, એસ.સી. મિસ્ત્રી, એચ.એલ. હિંગોરાણી અને કમલેશ મહેરચંદાણી, કારોબારી સભ્ય તરીકે દિલીપ જેઠવા, વિનોદ ગજેરા અને આર. ઝેડ. પટેલની વરણી કરવામાં આવી હતી. અંતે નવા વરાયેલ પ્રમુખ કે.બી. મહેતા દ્વારા બાકી રહેલ નાયબ કાર્યપાલક ઈજનેરોને પણ સભ્ય બનાવી મંડળને વધુ સંગઠીત કરવા અને સૌ સાથે મળીને મંડળના પડતર પ્રશ્નો હલ કરવા માટે હાંકલ કરાઈ હતી.

# કલોલમાં પચાસ લાખની ખંડણી માંગનારને એલસીબીએ દબોચી લીધો

## આરોપી પાસેથી દેશી બનાવટના કટ્ટા તેમજ બે જીવતા કારતુસ મળી આવ્યા





ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં પોલીસ મથકમાં રૂ. ૫૦ લાખની ખંડણી માંગી હોવાનો કેસ નોંધાયો હતો. કલોલના એક વ્યકિતને રૂ. ૫૦ લાખની ખંડણી માટે કોલ આવતા ભયનો માહોલ છવાયો હતો. આ કેસના આરોપીને એલસીબી ની ટીમે બાતમીને આધારે કલોલ ઉમીયા રેસીડન્સી પાસેથી દબોચી લીધો હતો. આરોપીની તપાસ કરતા તેની પાસેથી દેશી કટ્ટા તેમજ બે જીવતા કારતુસ મળી આવ્યા હતા.બનાવ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પોલીસની ટીમ ખંડણી માંગનાર આરોપીની શોધખોળ કરી રહ્યા હતા તે દરમિયાન એલસીબી પોલીસ ટીમના પો.કો. વિજયસિંહ અને રાજવીરસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે આ ગુનાનો આરોપી કલોલ ઉમીયા રેસીડેન્સી થી જનપથ પેટ્રોલપંપ તરફ જવાના સર્વિસ માર્ગ પરથી પસાર થવાનો છે. જેને પગલે પોલીસ વોચમાં હતી તે દરમિયાન જ પ્રદિપસીંગ નાથુસીંગ તોમર (ઉં.વ.-૨૭ રહે.હાલ કલોલ ઉમીયા રેસીડેન્સી બી બ્લોક નં મકાન નં.૩૦૨ તા. કલોલ જી.ગાંધીનગર, મુળ રહે. બુધારા ગામ તા.પોરસા,જી. મોરેના મધ્યપ્રદેશ)ને પકડી પાડ્યો હતો. આ શખ્સની અંગજડતી દરમિયાન તેની પાસેથી એક મોબાઈલ મળી આવ્યો હતો. મોબાઈલ અંગે પુછપરછ કરતા આરોપીએ જણાવ્યું હતું કે તેણે અલગ અલગ સીમકાર્ડ નાંખીને કલોલના ઘનશ્યામભાઈ પટેલને તેમના ફોન પર ધમકી આપી રૂ.૫૦ લાખની ખંડણી માંગી હતી અને ત્યારબાદ બંન્ને સીમકાર્ડ ફેંકી દીધા હતા. આ શખ્સ પાસેથી પોલીસને કમરના ભાગેથી એક હાથ બનાવટનું દેશી કટ્ટું તેમજ પેન્ટના ખીસ્સામાંથી બે જીવતા કારતુસ મળી અવ્યા હતા. જેની પુછપરછ કરતા તે તેના પિતા નાથુસીંગ જનકસીંગ તોમર મધ્યપ્રદેશી લાવ્યા હોવાનું જણાવ્યું હતું. પોલીસે મોબાઈલ કિ.૫૦૦,દેશીકટ્ટા રૂ.૫૦૦૦ તેમજ બે જીવતા કારતુસ રૂ.૨૦૦ મળી કુલ રૂ. ૫૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# મેદરા ગામની જમીન બે વખત વેચાણ થતા કુલ ૧૫ નાગરીકો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૨


ગાંધીનગર નજીક આવેલા મેદરા ગામની જમીન બે વાર વેચાણ થતા એક જ પરિવારના ૧૩ અને ૨ ખરીદનાર મળીને કુલ ૧૫ સામે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.જમીન મુદ્દે કેસ ચાલી રહ્યો હતો, તેમાં સમાધાન થતા નોંધ પાડી હતી. તેમ છતા મુળ જમીન માલિકોએ ફરીવાર જમીન વેચાણ કરી દેતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પામી છે.

બનાવની મળતી વિગત મુજબ રાજેન્દ્રભાઈ નટવરભાઈ પટેલ (ઉં.વ.૫૩, રહે. ૨૭૨,શ્રી હરીપાર્ક, સેકટર-૨૯ ગાંધીનગર) દ્વારા નોંધાવવામાં આવેલી ફરીયાદ મુજબ મેદરા ગામની સીમના બ્લોક નં-૧૪૦ ની જમીન કનુભાઈ રમણભાઈ પટેલ અનો ગીરીશભાઈ રમણભાઈ વ્યાસ પાસેથી તેઓએ રૂ. ૮૧ લાખમાં વર્ષ ૨૦૧૬માં ખરીદી હતી. કનુભાઈ અને ગીરીશભાઈએ આ જમીન મુળ માલિકો પાસેથી ખરીદી હતી, જેનો બાનાખત કરાર કરાવેલો હતો. આ જમીન નવી શરતની હોવાથી તેનો દસ્તાવેજ થઈ શકે તેમ ન હતો. આ અંગે રાજેન્દ્રભાઈએ કનુભાઈ અને ગીરીશભાઈ સામે કોર્ટમાં કેસ કર્યો હતો. આ કેસમાં સમાધાન થતા કોર્ટના હુકમ અંતર્ગત જમીનના મુળ માલિકો ઉદીબેન રામસંગજી ઠાકોર, રહે, રાયપુર, સજનબેન રામસંગજી ઠાકરો, રહે ગોરવંટા, હાસંબેન રામસંગજી ઠાકોર, જગાજી રામસંગજી ઠાકોર, ગોવિંદજી રામસંગજી ઠાકોર, નવાબેન તે ઉદાજી માધાજી ઠાકોર,વિભાબેન ઉદાજી ઠાકોર, રમીલાબેન ઉદાજી ડાભી, સોનલબેન ઉદાજી ડાભી, કાળાજી ઉદાજી ઠાકોર, દિનેશજી સબાજી ડાભી, તેજાબેન ડાહ્યાજી ડાભી અને કનુજી ડાહ્યાજી ડાભી તેમના ભાગ પ્રમાણે કનુભાઈ અને ગીરીશભાઈએ ચેક આપ્યા હતા. આ અંગે કોર્ટ દ્વારા કરેલા હુકમની નોંધ સાથે હક્કપત્રો પડાવી પ્રમાણિત નોંધ કરવામાં આવી હતી. આ જમીનને નવી શરતમાંથી જુની શરતમાં કરાવવા માટે પાવર ઓફ એર્ટની થયા હતા અન તેની પ્રિમિયમ પણ ભરવામા આવ્યું હતું અને દસ્તાવેજ છોડાવવામાં આવ્યો હતો. જમીનના દસ્તાવેજ કરાવ્યા હોવા છતા ઉપરોકત ૧૩ મુળ જમીન માલિકોએ ભીખાભાઈ રણછોડભાઈ ધામેલીયા અને સવિતાબેન ભીખાભાઈ ધામેલીયા રહે.નિકોલ-નરોડા ને વેચાણ કરી હતી અને દસ્તાવેજ કર્યો હતો. જેથી એક જ જમીનનું બીજી વખત વેચાણ કરી છેતરપિંડી આચરવાના મામલે રાજેન્દ્રભાઈએ જિલ્લા પોલીસ વડાને અરજી કરવામાં આવી હતી જેને પગલે તપાસ તેજ કરાઈ હતી. તપાસ બાદ ડભોડા પોલીસ મથકમાં મુળ જમીન માલિકો અને બીજીવાર વેચાણ રાખનારા બે સહિત કુલ ૧૫ વ્યકિતઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સહયોગ સંકુલમાં ''પાણી વિનાનું શૌચાલય'' કર્મચારીઓ માટે પરેશાનીરૂપ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સેક્ટર-૧૧માં જ્યાં વિવિધ સરકારી કચેરીઓ આવેલી છે તેવા સહયોગ સંકુલના છઠ્ઠા માળે છેલ્લાં બે-એક માસથી ટોયલેટમાં



પાણી આવતુ નથી જેને કારણે આ ફલોર પરની કચેરીઓમાં કામ કરતા અસંખ્ય કર્મચારીઓ પરેશાનીનો ભોગ બની રહ્યાં છે.

એક તરફ સરકાર શૌચાલયોના નિર્માણ અને તેની સાર-સંભાળ માટે કરોડો રૂપિયા ખર્ચી વ્યવસ્થા ઉભી કરવાના પ્રયાસ સાથે જાગૃતિ ફેલાવવાનું પણ કાર્ય કરી રહી છે બીજી તરફ મોડેલ સ્ટેટ ગણાતા ગુજરાતના સ્માર્ટ પાટનગર ગાંધીનગરના સરકારી ઈમારતમાં જ બબ્બે માસથી ટોયલેટમાં પાણી બંધ છે. આ સમસ્યા અંગે સહયોગ સંકુલના કર્મચારીઓ દ્વારા અનેક રજૂઆતો કરવામાં આવી છે છતાં હજુ સુધી તેનો કોઈ ઉકેલ થવા પામ્યો નથી. પાણી વગર શૌચાલયનો ઉપયોગ શક્ય ના હોવાથી કર્મચારીઓ જેમાં ખાસ કરીને મહિલા વર્ગને ઘણી પરેશાની ભોગવવી પડી રહી છે. આ ફલોર પર જિલ્લા રજીસ્ટ્રાર સહિતની સરકારી કચેરીમાં મુલાકાતીઓની પણ અવરજવર મોટી સંખ્યામાં રહે છે ત્યારે પાણી વિનાનુ શૌચાલય જેને સોભાનો ગાંઠીયો પણ કહી શકાય તેવુ નથી.

# વાવોલમાં વીજળી વેરણ થતી ક્યારે અટકશે ?

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યના મોટા ભાગમાં વરસાદી મહેર થવા પામી છે પરંતુ હજુ સુધી ગાંધીનગર તેનાથી વંચિત છે. જુલાઈ માસ પણ પુરો થવા આવ્યો છતાં પાટનગરમાં હજુ ચોમાસુ બેઠુ જ નથી છતાં વાવોલમાં વારંવાર વીજળી વેરણ થવાની 'પ્રથા' શરૂ થઈ ગઈ છે. જેના કારણે આ વિસ્તારના રહીશો ત્રાહિમામ પોકારી ગયાં છે. અગાઉ તો એવું હતું કે વાવાઝોડુ કે ભારે વરસાદ આવે ત્યારે વીજળી વેરણ થતી હતી પરંતુ હવે તો માત્ર પવનની લહેરખી ફરકે ને લાઈટો ગુલ થઈ જાય છે ત્યારે રહીશોને એક જ સવાલ સતાવી રહ્યો છે કે વિકાસને વરેલા 'મોડેલ સ્ટેટ' ગુજરાતના સ્માર્ટ પાટનગરની સોડમાં આવેલા વાવોલ વિસ્તારમાં વારંવાર વીજળી વેરણ થવાનો સિલસિલો ક્યારે બંધ થશે?

આમ તો જ્યારે વરસાદ આવે ત્યારે ગ્રામજનો કે શહેરીજનો, બાળકો કે વડિલો, પુરૂષો કે મહિલાઓ, અરે માનવી જ નહી પશુઓ પણ આનંદમાં આવી જાય છે, પરંતુ વાવોલમાં રહેતા રહીશોને વરસાદી વાતાવરણ સર્જાય તે સાથે જ ધ્રાસ્કો પડે છે કે હમણાં લાઈટો જતી રહેશે. અગાઉ તો એવુ હતુ કે બહુ વરસાદ વરસે કે વાવાઝોડુ ફુંકાય તેવી સ્થિતિમાં લાઈટો ગુલ થતી હતી પરંતુ હવે તો આ ચોમાસામાં વરસાદની સ્થિતિ પણ પેદા થઈ નથી છતાં વારંવાર પાવર 'કટ' થઈ જાય છે. આ સ્થિતિમાં આ વિસ્તારના વિદ્યાર્થીઓના અભ્યાસ પર પણ અસર પડે છે અને ગૃહીણીઓને પણ પારાવાર પરેશાનીનો સામનો કરવો પડે છે. ઘણા વર્ષોથી ચાલતી આ સમસ્યા અંગે જાગૃત રહીશો દ્વારા ભૂતકાળમાં ઉત્તર ગુજરાત વિજ કંપનીમાં અનેકવાર ટેલિફોનિક, રૂબરૂ જઈ મૌખિક અને લેખિત ફરિયાદો કરી હોવા છતાં આ સમસ્યાનો નિવેડો આવ્યો નથી. ત્યારે આ વિસ્તારના રહીશોનો સવાલ છે કે શું આ છે મોડેલ સ્ટેટ ? ગુજરાતમાં સરકાર દ્વારા ૨૪ કલાક વીજળીના દાવા કરવામાં આવે છે પરંતુ 'દીવા તળે અંધારૂ'ની જેમ પાટનગરના પડખેના વાવોલમાં જે વીજળી વેરણ થવાની ઘટના વારંવાર બની રહી છે તેનો ઉકેલ ક્યારે લાવવામાં આવશે ??

# અમદાવાદ એરપોર્ટ ખાતે પૂર્વ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીને ભાવસભર વિદાય



અમદાવાદ, તા. ૨૨

ગુજરાતના પૂર્વ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીને આજે અમદાવાદ એરપોર્ટ ખાતેથી રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભાવસભર વિદાય આપી હતી.

આ પ્રસંગે મુખ્ય સચિવ જે.એન. સિંહ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન, પોલીસ મહાનિદેશક શિવાનંદ જ્હા, અમદાવાદના પોલીસ કમિશ્નર એ.કે. સિંઘ, રાજભવનના પ્રિન્સિપલ સેક્રેટરી અરવિંદ જોષી, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સંગીતા સિંઘ તથા અમદાવાદના કલેક્ટર ડૉ. વિક્રાંત પાંડે વગેરેએ ઉપસ્થિત રહી રાજ્યપાલશ્રીને વિદાય આપી હતી.

આ અવસરે રાજ્યના જુદા જુદા વિભાગના સચિવો તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિયા ખાતે દિવ્યાંગો, વયોવૃદ્ધો સાધન સહાય માટેનો મેગા કેમ્પ યોજાયો





ગાંધીનગર, તા. ૨૧

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ, કાનપુર (અલિમકો) અને જિલ્લા વહિવટીતંત્ર ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના દિવ્યંગજનો તથા વૃદ્ધોને સાધન સહાય વિતરણ કરવા પાત્રતા ચકાસણી કેમ્પની કામગીરી મોટા પાયે યોજાઈ.

તા. ૨૦-૭-૨૦૧૯ને શનિવારના રોજ પ્રા.આ. કેન્દ્ર પ્રાંતિયા ખાતે ડેપ્યુટી કલેક્ટર, પૂર્વ કારોબારી ચેરમેન અરવિંદસિંહ સોલંકી, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરેશ ત્રિવેદી તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર પ્રાંતિયાના ડૉ. આશિષ પટેલ, મેડીકલ ઓફિસર વડોદરાના ડૉ. હાર્દિક ભાવસાર, મેડીકલ ઓફિસર ડભોડાના ડૉ. પુજાબેન કથરોટીયા, તાલુકા હેલ્થ સુપરવાઈઝર કિરિટસિંહ ચાવડા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-પ્રાંતિયા, વડોદરા, ડભોડાના સુપરવાઈઝર તથા તમામ સ્ટાફ અને કેમ્પમાં આવેલ અધિકારી કર્મચારીઓ, ગ્રામ પંચાયત પ્રાંતિયા, વડોદરા, ડભોડાના સુપરવાઈઝર તથા તમામ સ્ટાફ અને કેમ્પમાં આવેલ અધિકારી કર્મચારીઓ, ગ્રામ પંચાયત પ્રાંતિયા તેમજ આસપાસના ગામોથી આવેલ તલાટીઓ અને સરપંચો દ્વારા ખુબજ સારો સહકાર સાંપડ્યો હતો.

તેમજ આ કેમ્પનું અધિકારીઓ દ્વારા યોગ્ય નિરીક્ષણ થયેલ અને લાભાર્થીને પુરતી સુવિધા મળે તેનો પુરો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. કેમ્પમાં આવેલ તમામ લાભાર્થીને અરવિંદસિંહ સોલંકી દ્વારા ફળાહારની સુવિધા પુરી પાડી હતી.

આ કેમ્પમાં વયોવૃદ્ધો અને વિકલાંગોને સ્થળ પર જ આવક તથા ઉંમરના દાખલા આપવાની કામગીરી કરી સેવા પુરી પાડી હતી.

આ કેમ્પમાં કુલ ૨૨૩ દિવ્યાંગજનો તેમજ કુલ ૯૧ વયોવૃદ્ધો લાભ લઈ આ મેગા કેમ્પને સફળ બનાવ્યો તે માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પ્રાંતિયાના મેડીકલ ઓફિસર ડૉ. આશિષ પટેલે કેમ્પમાં આવેલ તમામ સ્ટાફ તેમજ સરકારી અધિકારી, કર્મચારી, ગ્રાં પંચાયત પ્રાંતિયા કેમ્પમાં લાભ લીધેલ તમામ લાભાર્થીનો આભાર વ્યક્ત કર્યો અને ડૉ. આશિષ પટેલે સરકારને અનુરોધ કર્યો કે આવા કેમ્પો ભવિષ્યમાં સમયાંતરે અત્રેના કેન્દ્ર ખાતે યોજાય જેથી ગરીબ તથા જરૂરિયાતમંદ લાભાર્થીઓને કેમ્પનો વધુમાં વધુ લાભ મળી રહે.




ગાંધીનગર નજીક આવેલા વાસણ ગામ ખોડીયાર નગર ખાતે રહેતા ખોડસિંહ ઉર્ફે ભુરીયો સમરૂજી વાઘેલાના ઘરની ઓસરીમાંથી ઘાસ તેમજ લાકડાની નીચે સંતાડેલો વિદેશી દારુની ૮૬ બોટલ અને ૪૮ કવાર્ટર મળી કુલ રૂ. ૩૭,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## જાહેર નિવિદા

નગરપાલિકા ધાનેરા ફાયર શાખામાં ફાયરમેનની નિમણુંક ૧૧ માસના કરાર ના ધોરણે કરવાની હોઈ રસ ધરાવતા અને નીચેની વિગતની લાયકાત ધરાવતા ઉમેદવારોએ સાધનિક કાગળો અને અરજી સાથે તા. ૩૧/૭/૨૦૧૯ સુધી ફક્ત રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નગરપાલિકા કચેરી, ધાનેરાએ મળી રહે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. કવર ઉપર 'ફાયરમેન ભરતી' એવું અવશ્ય લખવાનું રહેશે. **(૧) હેવી (ફોર વ્હીલર) લાઈસન્સ (૨) ધોરણ-૧૨ પાસ (૩) ફાયરમેનનો સરકાર માન્ય કોર્ષ (એલ.એસ.જી.ડી.)નું સર્ટિફિકેટ (૪) અનુભવનું પ્રમાણપત્ર**

તા. ૨૨/૭/૨૦૧૯

**(એસ. એમ. અંસારી)** **મુખ્ય અધિકારી** **નગરપાલિકા ધાનેરા**

**(વસંતીબેન વી. ગલચર)** **પ્રમુખ** **નગરપાલિકા ધાનેરા**